## નમસ્કાર ગાંધીનગર

### પમરાટ

તું વાર ખમી જાતને તૈયાર કરી દે.
ને, હારને પણ જીતનો આધાર કરી દે.
ટહુકાને કદીક્ વાંચ તો પીડા થશે ઓછી ,
સમજણનો જરી એમ તું વિસ્તાર કરી દે.

- લક્ષ્મી ડોબરિયા

### પાથેય

- રમેશ ઠક્કર

## હાર-જીતનું અલ્પવિરામ...

દુનિયાનો દસ્તુર એવો રહયો છે કે ‘જો જીતા વો સિકંદર...’ વિજયનો ઉત્સવ હોય છે,પરાજયની પ્રત કોઈ સાચવતું નથી..આપણો ઉછેર જ એ રીતે થયો હોય છે કે ફક્ત જીત જ મહત્ત્વની બની જાય..કોઈપણ ક્ષેત્રમાં મથામણ કરતો માણસ એક માન્યતા સાથે ચાલતો રહે છે કે આપણે જે કોઈ કામ કરીશું એમાં જીત તો આપણી જ હશે..આ રીતે આશાવાદી રહેવામાં કશું ખોટું પણ નથી..પરંતુ જીવન એ માત્ર આશાવાદ નથી એનો બીજો છેડો વાસ્તવવાદ પણ હોય છે ! એકધારી સ્પર્ધા કરતો માણસ જયારે નાની સરખી નિષ્ફળતા પામે છે ત્યારે પૂરપાટ ઝડપે ચાલતી એની ગાડી જાણે ઠપ્પ થઈને ઉભી રહી જાય છે..હકિકતમાં આવી નાની નાની વિફળતા થકી જે પિંડ ઘડાય છે એનું નામ જ છે સફળતા..હારને જીતનો આધાર બનાવવાનો કસબ શીખવા જેવો છે.

જીવનનો લાંબો પટ જોઈએ તો એમાં કાયમી જીત કે કાયમી હાર જેવું કશું હોતું નથી..જે કંઈ હોય છે એ જીવવા માટેનો સંઘર્ષ હોય છે..માણસ ભૂલો કરે છે..નાની મોટી પછડાટો અનુભવે છે કે કદીક પીછેહઠ કરતો હોય છે..એના થકી જ એનો લડાયક અભિગમ ઘડાતો રહે છે..નાની સરખી નિષ્ફળતા પણ માણસ માટે એક પાઠશાળા બની જતી હોય છે..પોતાના ઘાવને પંપાળતા રહેવાને બદલે એને કઈ રીતે સહય બનાવી રૂઝાવી શકાય એ શીખવું કદાચ આગળની જિંદગી માટે મહત્વની શીખ બની રહે છે..આપણે સહુ નાનપણથી જ એવું શીખતા રહયા છીએ કે જે માણસ વિફળ થયો એ નકામો..ઘણીવાર પ્રારંભે પછડાટ ખાતા માણસો જીવનમાં લાંબી રેસના ઘોડા પુરવાર થતા હોય છે.આપણે સતત બીજાની જાત સાથે કે જીત સાથે આપણી તુલના કરતા રહીએ છીએ.વાસ્તવમાં દરેક જણ પોતપોતાની રીતે અલગ માહોલમાં અને આગવી શકિતઓ સાથે સંઘર્ષ કરતો હોય છે..માણસે જો કોઈને ખુશ કરવાનો હોય તો એ ફકત પોતાને જ કરવાનો હોઈ શકે..જેને હાર કે જીતનો તણાવ સતાવતો નથી એ દરેક ઘટનામાંથી કશુંક પ્રાપ્ત કરતો રહે છે..અને એ રીતે મેળવેલું સાતત્ય લાંબાગાળે માણસને એક નક્કર મુકામ તરફ લઈ જતું રહે છે.

આપણી વ્યવસ્થા એવી છે કે અહીં કોઈ એક માણસ હારે છે તો બીજો જીત છે..બે પ્રતિસ્પર્ધી સામસામે ટકરાય તો જીત કેવળ એકની જ થાય છે..રમત હોય રાજકારણ હોય કે કોઈ પસંદગીની બાબત હોય આપણે આ સ્વીકારી લેવું પડે છે..જો આ જ નિયતિ હોય તો નક્કી કરી લેવું પડે કે જીત એ સહજ બાબત છે એનો કોઈ ભાર મગજ ઉપર સવાર ના અથવા દેવાય તો હાર એ પણ એટલી જ અનિવાર્ય ઘટના છે જે મળ્યા પછી એનો સહજ સ્વીકાર કરી એમાંથી મળતો બોધપાઠ શીખવાનો રહે છે..હાર કે જગતની ઘટના પછી જીવન અટકવું નથી..એ કયારેક અલ્પવિરામ હોય છે તો કદીક પૂર્ણવિરામ હોય છે.

જગતના કાચના યંત્રે ઘણા ભેદભરમ સમજાતી નથી.એ માટે જરૂરી છે જીવનસમજણ..એ નિષ્ફળતાઓ આપણને શીખવે

અનુસંધાન પાના નં. ૭ પર

## લક્ષ્યાંક હાસલ કરવા માટે આદર્શોનો અંચળો દૂર કરવો જ રહ્યો

### તંત્રીસ્થાનેથી...

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રમુખે આગામી દિવસોમાં ફરી એકવાર કોંગ્રેસના ધારાસભ્યોનું એક ટોળું ભાજપનો ભગવો ધારણ કરી રહ્યું હોવાની દહેશત સંદર્ભે કહોડાફાડ નિવેદન આપ્યું છે. તેઓએ બિંદાસ કહી દીધું છે કે દસ જાય કે પંદર જાય એથી કોંગ્રેસને કોઈ ફરક પડતો નથી. ફરક તો પડે છે ભાજપની ‘અભી બોલા અભી ફોક’ વાળી અને ઠાકોરની જ ભાષામાં કહીએ તો ‘થૂંકેલું ચાટવાની’ કૂટનીતિયે ભાજપના પ્રદેશ પ્રમુક ઘણા વખતથી વારંવાર ‘હવે પછી કોઈ કોંગ્રેસીને ભાજપમાં લેવામાં નહીં આવે’ - એ મતલબનાં નિવેદન આપતા રહ્યા છે. પરંતુ એમ છતાં જયારે તક મળી છે ત્યારે કોંગ્રેસના નેતાઓને ફૂલડે વધાવવા લાલ જાજમ પથરાતી રહી છે. કોંગ્રેસના પ્રદેશ પ્રવક્તા મોટો વરઘોડો કાઢીને સેંકડો કોંગ્રેસી કાર્યકરો સાથે ‘કમલમ્’ પહોંચે છે અને એમને માનભેદ ખેસ પહેરાવી દેવાય છે. પોતે એમને નોતરું આપવા નહોતા ગયા એમ કહી પાટિલ કોરા નીકળી જવાની કોશિશ કરે છે અને જયરાજસિંહ પરમાર હવે સંગઠનમાં કામ કરી પોતાનું વજૂદ સિદ્ધ કરશે એવી રજૂઆત કરી પોતે ટિકિટ લેવા માટે નહીં આવ્યા હોવાનું જાહેર કરે છે. આવું સતત બનતું રહ્યું છે અને હજુ પણ બનશે. પ્રજાને એમાં કશું અજુગતું લાગતું નથી. કોંગ્રેસ છોડીને ભાજપ સરકારમાં મંત્રીપદ મેળવનાર રાઘવજી પટેલ કર્મઠ નેતા તરીકે જાણીતા છે. સત્તાધારી પાર્ટીમાં રહેવાથી જ પ્રજાનાં કામ થઈ શકે છે એવી એમને પ્રતીતિ થઈ છે. જો પ્રજાને પક્ષપલટા પ્રત્યે સૂગ હોત તો એ રીતે પાર્ટી છોડીને ભાજપની ટિકિટ પર ચૂંટણી લડનારાઓને તેઓ ફરી વાર ધારાભભામાં ન જ પહોંચાડત. પણ બન્યું છે એવું કે ભાજપની ટિકિટ પર આવા પક્ષપલટુઓ રંગેચંગે ચૂંટાતા રહ્યા છે. એનો અર્થ એ થયો કે મતદાતાઓ પાસે હવે ગુજરાતમાં બીજો વિકલ્પ જ બચ્યો નથી. કોંગ્રેસને વોટ આપીને પણ જો એવા જ ધારાસભ્યો ચૂંટાવાના હોય જે પાછા ભાજપમાં ભળી જઈ એના નિશાન પર ચૂંટણી લડે તો કોંગ્રેસને વોટ આપ્યાનો અર્થ જ ક્યાં રહે છે ? કોંગ્રેસે પ્રજાનો વિશ્વાસ ગુમાવ્યો ન હોય તો ભાજપના કહેવાતા ખેરખાં એના વાડામાં ત્રાટકીને ડાલા મથ્થાની જેમ ઘેટાં બકરાંને ઉપાડી જવાની ગુસ્તાખી ન જ કરી શક્યા હોત. કોંગ્રેસને પુનઃ પલ્લવિત કરવાનું કામ એની વર્તમાન નેતાગીરી ધારે છે એટલું સહેલું નથી. રાહુલ ગાંધીની આગેવાનીમાં કોંગ્રેસી આગેવાનો સિવાય ભાગ્યે જ કોઈને રસ રહ્યો છે. એટલે એમની નેતાગીરીને પોંખવા માટે આઝાદીના અમૃતપર્વે અમદાવાદથી દિલ્હીની યાત્રા નીકળે કે ચંપારણથી બંગાળની યાત્રા યોજાય તે કેવળ કોંગ્રેસના કાર્યકર્તાઓ માટે આશ્વાસનથી વધુ કોઈ જ સંદર્ભ ધરાવતી બાબતો નથી રહી. કોંગ્રેસે પોતાની કથળેલી તબિયતનું ફુલ બૉડી ચેકિંગ કરાવવાની અને થોડો વખત બિલકુલ આરામ કરવાની જરૂર છે. બીમાર માણસ હાંફી ગયા પછી ગડથોલિયાં ખાતો ખાતો દોડ્યા કરે તો એની શી દશા થાય ? કોંગ્રેસની સર્વોચ્ચ નેતાગીરીથી લઈ પ્રદેશ નેતાગીરી સુધીના એકમોને આજે થોડો થાક ખાઈ લઈ, જેમને દોડવાનું જોર ઊપડ્યું છે એવા વિપક્ષમાં રહેલા પ્રાદેશિક પક્ષોને તક આપી પોતે નેપથ્યમાં રહેવાની જરૂર છે. જો દસ-પંદર ધારાસભ્યો જવાના હોય અને પાર્ટી એમને રોકી ન શકતી હોય, ફક્ત સામા સત્તાધારી પક્ષની ટીકા કરીને કે અભદ્ર ભાષામાં નિવેદન કરીને અટકી જતી હોય તો એનો એક જ અર્થ થાય કે હવે કોંગ્રેસમાં પોતાના જ ઘરને સરખું રાખવાની ક્ષમતા બચી નથી. નહીંતર ખુદ ભાજપના જ ધારાસભ્ય અને મંત્રી રાજકોટના પોલીસ કમિશનરના કહેવાતા કૌભાંડ સંદર્ભે ફરિયાદી બનતા હોય તો પ્રજા જાતે જ રસ્તા પર ઉમટી પડવી જોઈએ. પ્રજા પણ હવે આવાં કૌભાંડોથી ટેવાઈ ગઈ છે. એ સમજે છે કે કોઈ પણ સરકાર હશે તે એના સનદી અધિકારીઓ અને પોલીસ સત્તાધીશોનો આવો જ દુરુપયોગ કરી પાર્ટી ફંડ મેળવતી રહી છે અને મેળવતી રહેશે. આવાં લક્ષ્યાંકો આપીને જ સારું પોસ્ટિંગ ફાળવાતું રહેતું હોવાથી અણિશુદ્ધ આર્થિક ચારિત્ર્ય ધરાવતા કેટલાક અધિકારીઓ સામે ચાલીને સાઈડ પોસ્ટિંગ માગી લેતા હોવાના દાખલા મોજૂદ છે. સત્તાધારી પાર્ટી કોઈ આદર્શો સાથે જીવતી ‘પાર્ટી વિથ ડિફરંસ’ નથી રહી એ તો સર્વવિદિત છે. ગુજરાતનાં સુપર સીએમ જેમ વર્તતા પ્રદેસ પ્રમુખને ‘૧૫૦’નો આંકડો સિદ્ધ ખરવા માટે એ પદ એનાયત થયું છે અને એ લક્ષ્યાંક કંઈ મંજીરા વગાડીને તો હાંસલ થવાનું નથી. એમને જે પાણીએ મગ ચડી શકે એમ હોય એ પાણીએ ચડવવાના છે.

## પરીક્ષા યજ્ઞમાં આત્મવિશ્વાસથી જાતને હોમી દો... નવાં ભવિષ્ય માટે...!!!

**રોજ પરીક્ષા રોજ પરીક્ષા, રોજ પરીક્ષા દઈએ,**
**ક્યાં તો સ્કૂલમાં, કાં ટ્યુશનમાં, કાં ટેન્શનમાં રહીએ.**
**નથી એકલા પાસ થવાનું ઠકા જોઈએ મોટા,**
**નાની નાની મુઠ્ઠી પાસે પકડાવે પરપોટા.**

**- કૃષ્ણ દવે**

●●●

પરીક્ષા પર્વ ... પરીક્ષોત્સવ...!!

વિદ્યાર્થી દોસ્તો... બોર્ડની પરીક્ષા હવે હાથવેંતમાં છે, કારકિર્દી માટે ખૂબ અગત્યની આ પરીક્ષાઓ છે, આશા - અપેક્ષાઓમાં કરા ઉતારવાનો ડર સતાવે એ સ્વાભાવિક છે, અપેક્ષિત પરિણામ આવશે કે નહિ... એનો ડર વિદ્યાર્થી અને મા-બાપને અસ્વસ્થ કરી મૂકે છે...

આજકાલ ‘એકઝામ ફોબિયા’ થી પીડાતા વ્યક્તિઓની સંખ્યા વધતી જાય છે. ઘણીવાર અઘટિત ઘટનાઓના અહેવાલો કંપાવી જાય છે.

દોસ્તો, શિક્ષણ ક્ષેત્રના મારા સાડા ત્રણ દાયકાના અનુભવે કહું છું કે જાહેર પરીક્ષા આપતા વિદ્યાર્થીઓ, મોટે ભાગે બિનજરૂરી બોજ, તનાવ, ચિંતા ને ડિપ્રેશન અનુભવતા હોય છે, ઘર આખ્ખાને ‘એકઝામ ફિવર’ આવી જાય... એક અદૃશ્ય બોઝિલ વાતાવરણ છવાઈ જાય. ઘરમાં એક જાતનો કરફ્યુ લાગી જાય ! તો બીજી બાજુ સગાં-સ્નેહી શુભેચ્છોની ઘરેડબધ્ધ લાઈન લાગી જાય. પહેલાં તો દિવાળીએ જ શુભકામના પાઠવતાં. દેખાદેખીએ દોડી આવનારા શુભેચ્છકોમાંથી કેટલાંક તો એવાયે હોય જે પોતે વિદ્યાર્થીકાળમાં રખડી ખાધું હોય અને આજે પરીક્ષાર્થીને મસમોટી સલાહો આપી રૂઆબ છાંટતા હોય... આમ વિદ્યાર્થીનું ‘દસમું’ ‘વસમું’ મું કરી નાખે !!!




વ્હાલા પરીક્ષાર્થીઓ, વિદ્યાર્થીકાળ એટલે અધ્યયનકાળ, જીવન ઘડતરનો સોનેરી તબક્કો ભણીએ છીએ એટલે પરીક્ષા તો આવે જ ને ! અત્યાર સુધી દર વર્ષે પરીક્ષાઓ આપો જ છો ને ! પરીક્ષા વિના સત્યાર્થતાને ચકાસી શકાય ખરી ? પરીક્ષા તો વર્ષાન્તે અભ્યાસના મૂલ્યાંકન માટે જ છે. સફળ કે નિષ્ફળ જાહેર કરવા પરીક્ષા થોડી લેવાય છે.

દોસ્તો, તમે જાણો જ છો કે ‘પરિ + ઈક્ષ્’ એવાં બે રૂપો ભેગા થઈને ‘પરીક્ષા’ શબ્દ બન્યો છે. ‘પરિ’ એટલે ચારેબાજુનું, ખાસ વધારે ઊંડાણથી - ને ‘ઈક્ષ્’ એટલે જોવું, અવલોકવું, કાળજીપૂર્વક ચારેબાજુથી તપાસવામાં કે અવલોકવામાં આવે છે. તમે જે ભણ્યા છો તેની ઝીણવટ ભરી ચકાસણી એટલે પરીક્ષા.

પરીક્ષાને પર્વ - ઉત્સવ બનાવો. ‘ઉત્’ એટલે ઉપર તરફ, અતિશય અને ‘સવ્’ એટલે યજ્ઞ. અથવા અંદરના સત્વને પ્રગટ કરવાનો અવસર. ઉત્સવ એ પોતાની અંદર જે ઉત્તમ - સત્ત્વ છે તેને પ્રગટ કરવાનો અવસર છે એટલે ખુશીનું પર્વ છે. એ પણ વાસ્તવ છે કે આજે દરેક ક્ષેત્રમાં તીવ્ર સ્પર્ધા છે એટલે ઊંચી ટકાવારી સાથે પાસ થવું અગત્યનું ખરું જ પણ તેની સાથે એ પણ સમજવું કે પરીક્ષા પાસ કરવી એ જ જીવનનું અંતિમ ધ્યેય નથી. આમ જુઓ તો જીવન એક પડકાર છે. રોજેરોજ કોઈને કોઈ નાની-મોટી સમસ્યા આવવાની ને ઉકેલવાની....એમાં થોડું ગભરાવાય ?!! એવાયે ઘણા લોકો છે જે ખૂબ ઓછું ભણ્યા હોય, નાપાસ થયા હોય, પણ પોતાની આવડત, કુશળતા અને કોઠાસૂઝ ને કારણે ધંધા-રાજગાર કે જાહેર ક્ષેત્રમાં નામના મેળવી હોય... ઈતિહાસના પાને કેટલાય ‘મહાન’ પરીક્ષામાં ‘ફેઈલ’ થયાના દાખલા નોંધાયેલા છે.

એક સુભાષિતમાં કહેવાયું છે ;

**‘ઉદ્યમ : સાહસં ધૈર્ય બુદ્ધિઃ શક્તિઃ પરાક્રમ ।**
**ષડેતે યત્ર વર્તન્તે તત્ર દેવઃ સહાકૃત ॥**

તમે આશ્લોક ભણ્યા હશો. આ શ્લોકને અમલમાં મૂકવાથી સફળતા નિશ્ચિત છે.

થોડા વર્ષ પૂર્વે મારા એક પરિચિતની દીકરી નાપાસ થઈ. આખો પરિવાહ હેબતાઈ ગયો. કોઈ સ્વજનના મરણનો કારમો આઘાત લાગ્યો હોય એવી પરિસ્થિતિ સર્જાઈ. પ્રત્યેકના ચહેરા વિલાઈ ગયેલા... નૂર હણાઈ ગયું. પેલી દીકરી તો કોઈનેય મોંઢું ન બતાવે એવી દશા. મા પાગલ સરીખી ને પિતા કિંકર્તવ્યમૂઢ !!! આવી નાજુક ક્ષણે એ દીકરીને અને મા-બાપને મારા વિચારોની સંજીવની મળીને પુનઃ પ્રયાસે ઉત્તમ પરિણામ હાંસલ કર્યું... એ દીકરી કૉલેજમાંયે પ્રથમ નંબર જાળવી આગળ વધી રહી

અનુસંધાન પાના નં. ૭ પર

### દિન મહિમા

● વિશ્વ ક્ષય દિવસ : ઈ.સ. ૧૮૮૨માં આજ દિવસે ડો. રોબર્ટ કોચ નામના તબીબે સૌ પ્રથમ ક્ષય રોગના જંતુઓ શોધી કાઢ્યા હતા.

### આજનું ઔષધ

●તુલસીનો રસ સાકર સાથે પીવાથી ઉધરસ તથા છાતીનો દુઃખાવો મટે છે.

### ખડખડાટ

● પેપર વાંચી રહ્યો હતો એમાં જાહેરાત હતી. આ સુંદર સાડી આજે જ ખરીદો અને બચાવો તમારા ૫૦% રુપિયા....! મે આજુબાજુ જોઈને પત્તુ જ પાડી નાખ્યું ! ૧૦૦% બચ્યા !

### આજનો વોટ્સએપ

● નસીબમાં જો સારું લખ્યું હશે ને તો હાથની આડી અવળી રેખાઓ પણ સીધી દોર થઈ જશે...!

## એક ઝાટકે બસ ઊભી રહી ગઈ અને બધાંની આંખો ખુલી ગઈ

“ઓહ, વાઉ, વોટ અ બ્રિલિયન્ટ આઈડિયા!” મેડિકલ કોલેજના વિદ્યાર્થીઓનું આખું વૃંદ હરખાઈ ઊઠ્યું. જો કે ડો. ગિરીશ ત્રિવેદી અને ડો. શાલુ ઝાના ચહેરા ઉપર ચિંતાના ભાવ ડોકાતા હતા. પણ એ જોવાની ફુરસદ વિદ્યાર્થીવૃંદમાં કોને હતી!

વાત જાણે એમ હતી કે શહેરની પ્રતિષ્ઠિત મેડિકલ કોલેજમાં ભણતા વીસેક વિદ્યાર્થીઓ દૂર આવેલા બીજા મોટા શહેરમાં એક સેમિનારમાં પેપર પ્રેઝન્ટ કરવા ગયા હતા. ઓફકોર્સ, એમાં વિદ્યાર્થિનીઓ પણ સામેલ હતી. વિદ્યાર્થીઓ એકલા જાય એના કરતાં સાથે બે સિનિયર ડોક્ટર્સ જાય તો વધારે સારું એમ વિચારીને કોલેજના સત્તાવાળાઓએ ડો. ગિરીશ ત્રિવેદી અને ડો. શાલુ ઝાને પણ સાથે મોકલ્યાં હતાં.

સેમિનારમાં પેપર્સ તો પ્રેઝન્ટ થઈ ગયાં પણ ધાર્યા કરતાં ઘણું વધુ મોડું થઈ ગયું. અંધકારના ઓળા ધરતી ઉપર ઊતરી આવ્યા હતા. જે મિનિ બસ ભાડે કરીને બધાં આવ્યાં હતાં એમાં સૌ ફટાફટ ગોઠવાઈ ગયાં. થાકેલાં તો હતાં જ એમાં બસ ચાલુ થઈ એટલે ઠંડો પવન પણ ચાલુ થયો. બધાં ઝોકાં ખાવા માંડ્યાં. બસ શહેર છોડીને હાઈવે ઉપર દોડવા માંડી. વિદ્યાર્થીઓનાં ડોકાં એક-બીજા ઉપર ઢળવા માંડ્યાં.

પણ આ શું? એક ઝાટકે બસ ઊભી રહી ગઈ અને બધાંની આંખો ખુલી ગઈ. “શું થયું, શું થયું”ના અવાજો વિદ્યાર્થીવૃંદમાં ઊઠવા લાગ્યા. ડો. શાલુએ પણ આ જ પ્રશ્ન ડ્રાઈવરને પૂછ્યો. ડ્રાઈવરે જવાબ આપ્યો, “કુછ પતા નહીં ચલ રહા હૈ મેડમ. અચાનકસે ગાડી બંદ હો ગઈ ઔર અબ ઈસ્ટાર્ટ નહીં હો રહી હૈ.” “તો અબ?” “મૈં ટ્રાય કર રહા હૂઁ. અબ યહાં ઈતની રાત ગયે કોઈ ગેરેજ ભી તો મિલના મુશ્કિલ હૈ.”

એણે થોડી વાર ખરેખર ટ્રાય કર્યો. પણ કોઈ પરિણામ મળ્યું નહીં. એક તો જામતી રાત, સૂમસામ હાઈવે અને સટાસટ ભાગતાં એકલ-દોકલ વાહનો- બાવીસ જણાંને સાથે લઈ જાય એવું કોણ મળે? સિનિયર ડોક્ટર્સ ચિંતાતુર ચહેરે ડ્રાઈવર સામે જોઈ રહ્યા. આટલા બધા વિદ્યાર્થીઓને કેવી રીતે આટલી રાત્રે ઘરે પહોંચાડવા? ડ્રાઈવરે નિરાશામાં ડોકું ધૂણાવ્યું, “અબ કોઈ રાસ્તા નહીં સાહબ. યહીં કહીં રાત બીતા લો. ગર્મીમેં બસમેં તો સબ મર જાયેંગે. સુબહ હોતે હી ગેરેજમેં ગાડી ડાલ દેંગે.”

ધીમે-ધીમે આખી બસમાં વાત ફેલાઈ ગઈ કે રાત હવે અહીં કાઢ્યા વગર છૂટકો નથી. યુવાવર્ગ માટે તો આ “થ્રિલિંગ એક્સપિરિયન્સ” હતો. બે-ચાર વિદ્યાર્થીઓને લઈને સિનિયર ડોક્ટર કોઈક સલામત જગ્યા શોધવા નીકળી પડ્યા.

જગ્યા તો મળી પણ “સલામત” જરા ય લાગતી નહોતી. હાઈવેથી થોડી અંદરની બાજુ વન-વગડામાં એકલી-અટૂલી ઊભેલી એક હવેલી. એની જીર્ણ-શીર્ણ અવસ્થા કહી આપતી હતી કે “ઈમારત કભી બુલંદ થી.” બસમાં રહેલા વિદ્યાર્થીઓને ફોન દ્વારા અહીં આવવા માટે જાણ કરવામાં આવી.

વિદ્યાર્થીગણમાં ઉત્તેજનાની લહેર દોડી ગઈ. કેટલીક છોકરીઓ થોડી ગભરાઈ રહી હતી પણ એમને “હિંમત આપનારાઓ”ની કમી નહોતી! સામાન જેવું તો ખાસ હતું નહીં કારણકે ઘરેથી નીકળ્યાં ત્યારે રાત સુધીમાં પાછાં પહોંચી જવાનો જ પ્લાન હતો. બધાંને ઘરે ફોન કરીને “સવાર સુધીમાં પહોંચી જઈશું, ચિંતાની કોઈ વાત નથી” એવું કહેવાની સૂચના અપાઈ ગઈ.

પણ ચિંતાની વાત તો હતી. બધાં વગડામાં આગળ વધ્યાં. હાઈવેથી અંદરની બાજુ અર્ધો-પોણો કિલોમીટર ચાલ્યા પછી એ હવેલી દેખાઈ. ક્યાંક-ક્યાંક દીવડા ટમટમતા હતા. વીસ તો શું ચાલીસ માણસને સમાવી લે એવી એ વિશાળ હતી. પણ પૂછવું કોને? માંડ-માંડ એક માણસ બહાર બેઠેલો દેખાયો. જો કે એને “માણસ” કહેવો કે કેમ એ વિચારવું પડે એમ હતું. વધી ગયેલા માથાના વાળ અને દાઢી-મૂછમાં એ માણસ ઓછો, નિશાચર વધુ લાગતો હતો. એને જોઈને થોડીક વાર તો બધાં હેબતાઈ ગયાં.




પછી હિંમત કરીને સિનિયર ડોક્ટરે પૂછ્યું, “કાકા, અમારી બસ રસ્તામાં બગડી ગઈ છે. કોલેજના વિદ્યાર્થીઓ છે. અત્યારે કોઈ વાહન મળે એમ નથી. થોડાક કલાકો અહીં વીતાવવા મળે તો....તમે અહીં...” “ચોકીદાર છું.” એ સ્હેજ કટાક્ષભર્યું હસ્યો, “અહીં શું મોટો ખજાનો દાટ્યો છે એ તો ખબર નહીં, પણ સરકાર આ હવેલીનું સમારકામ કરીને એને રાજ્યના સાંસ્કૃતિક વારસાની ધરોહર જાહેર કરવા માંગે છે. અને એની પ્રાચીનતા સાથે કોઈ ચેડાં ન કરે એટલે મને ચોકીદાર તરીકે રાખ્યો છે. અહીં કોઈ દિવસે ય નથી આવતું તો રાત્રે તો શું આવે!”

ડો. શાલુના ચહેરા ઉપર ભયનો આછો અણસાર આવી ગયો, “અહીં રોકાવામાં કોઈ ખતરો તો નથી ને?” ચોકીદાર ખડખડાટ હસ્યો, “ખતરો? માણસોથી તો નથી.” બધાંને ચૂપ જોઈ એ આગળ બોલ્યો, “વાત જાણે એમ છે કે આ શેઠ સુખલાલની હવેલી છે. અહીંની જાહોજલાલી સ્વર્ગને પણ પાછી પાડે એવી હતી. પણ એક દિવસ શેઠને ટી.બી. લાગુ પડી ગયો. બહુ દવા કરી પણ ન મટ્યો. એ જમાનામાં એ રાજરોગ અસાધ્ય ગણાતો. છેલ્લે તો મોટા શહેરના ડોક્ટરને પણ બોલાવ્યા પણ ડોક્ટર આવે ત્યાં સુધીમાં શેઠ રિબાઈ-રિબાઈને મૃત્યુ પામ્યા. ત્યાર પછીથી આ હવેલીની જાહોજલાલી પણ ચાલી ગઈ. રાત્રે હજી પણ અહીં કોઈ રડતું હોય એવા અવાજ આવે છે. કોઈ ધબ-ધબ દાદરો ચઢતું હોય એવું પણ લાગે.”

બધાંના ચહેરા ઉપર ડરના ભાવ જોઈને એ બોલ્યો, “પણ વાંધો નહીં, તમારે તો અર્ધી રાત જ કાઢવી છે ને! ઉપર મોટો દીવાનખંડ છે. એમાં બધાં સૂઈ જશો તો પણ જગ્યા વધશે.” કેટલાક “ખતરોં કે ખિલાડી” જેવા વિદ્યાર્થીઓએ બોલી ઊઠ્યા, “હા, હા, સાચી વાત છે. બીજો કોઈ ઓપ્શન પણ આપણી પાસે ક્યાં છે?” આખરે દીવાનખંડમાં એક બાજુ છોકરાઓ અને બીજી બાજુ છોકરીઓ, એમ સૌ આડાં પડ્યાં.

થોડી વાર થઈ ને ખરેખર ચિત્ર-વિચિત્ર અવાજો આવવા લાગ્યા. બધાંના હૃદયમાં ફફડાટ વ્યાપી ગયો. એમાં રીતુ શ્રીવાસ્તવ જરા વધારે ઢીલી નીકળી. એને છાતીમાં ગભરામણ થવા લાગી. ડો. શાલુ સહિત તમામ એની મદદે દોડ્યાં. પણ રીતુનો શ્વાસ હેઠો બેસતો નહોતો. આંખો પણ ચકળ-વકળ થવા લાગી. બધાં ગભરાઈ ગયાં. અચાનક ડો. ગિરીશ ત્રિવેદીને યાદ આવ્યું કે એ પ્રિકોશન માટે કેટલીક જરૂરી સામાન્ય દવાઓ સાથે લઈને નીકળ્યા હતા. પણ એ તો બસમાં જ રહી ગઈ હતી. જલ્દીથી એમણે ત્રીજા વર્ષના વિદ્યાર્થી રોનકને પોતાની સાથે બસમાંથી એ દવાઓ લઈ આવવા તૈયાર કર્યો.

બંને દોડતા ગયા અને સાતેક મિનિટમાં દવા લઈને આવી ગયા. ડો. ત્રિવેદીએ રીતુને દવાઓ આપીને શાંત કરી. બધાંએ રાહતનો શ્વાસ

અનુસંધાન પાના નં. ૭ પર

## સોનાનો કટોરો લાવો સિંહણનું દૂધ ભરવું છે

હમણાં થોડા વરસ પહેલા માનસી નામે એક છોકરીના લગ્ન થયેલા. બધું સરસ હતું. એમના લગ્ન વખતે તો એ છોકરી જે સુંદર લાગતી હતી, જાણે સ્વર્ગની અપ્સરા જોઈ લો! લગ્નમાં હાજર દરેક મમ્મીને મનમાં થતું હતું કે કાશ આ સુંદર અને વિવેકી છોકરી મારા દીકરાની વહુ બની હોત.

બે વરસ પછીની એક સાંજ- આજે પણ એક દીકરીના લગ્ન લેવાઈ રહ્યા હતા. માનસી એના લગ્ન વખતે થયેલી એવી જ સુંદર તૈયાર થઈને આવી હતી. એ હજી અપ્સરા જેવી જ લાગતી હતી અને તોય ત્યાં ઊભેલી મમ્મીઓના મનમાં ચાલતાં વિચાર હવે બદલાઈ ગયાં હતાં. બે મમ્મીઓએ તો સામસામે ઈશારો કરીને કહી પણ દીધું કે, હાશ આપણે બચી ગયા! જે માનસીને એમની પુત્રવધુ બનાવવા લોકો તલપાપડ થતાં હતાં એ જ લોકો આજે માનસીનું નામ સાંભળીને મોંઢું ફેરવી લેતાં હતાં. ના, ના માનસીને માથે શિંગડા નહોતા ઊગ્યા કે ના એનો મેકઅપ ઉતરી ગયા પછી લોકોને એનો અસલી રંગ દેખાઈ ગયો હતો.

હકીકતે માનસીએ એના સાસરિયાઓનો અસલી રંગ સમાજને દેખાડી દીધો હતો અને એમાં જ લોકો હવે એનાથી દૂર ભાગતાં થઈ ગયાં હતાં. લગ્નના બે વરસની અંદર જ માનસીને બે વખત ગર્ભપાત કરવાની ફરજ પડાઈ હતી. કારણ એટલું જ કે એના ગર્ભમાં છોકરી ઉછરી રહી હતી. પહેલી વખત એણે ના કહી ત્યારે એના પતિએ હજી આપણી ઉંમર જ શું છે, થોડા વરસ જિંદગી માણી લઈએ પછી બાળકની જવાબદારી તો આખી જિંદગી ઉઠાવવાની જ છે ને એવી મીઠી મીઠી વાતો કરીને એને મનાવી લીધેલી. માનસીને ગમ્યું તો નહોતું છતાંય એણે ગર્ભપાત કરાવ્યો હતો. એ વખતે એની જ રેડીઓલોજિસ્ટ નણંદે માનસીના ગર્ભમાં દીકરી ઉછરી રહી છે એ ખબર માનસીના સાસુને આપી હતી અને માનસીને દવાખાને લઈ જવાયેલી ત્યાં એની સ્ત્રીરોગ નિષ્ણાત મામીજીએ ગર્ભપાત કરી આપ્યો હતો.

માનસીની સાસરીમાં મોટો પરિવાર હતો અને લગભગ દરેક મહિલા કોઈ સારી પોસ્ટ ઉપર સેવા આપી રહી હતી. ડૉક્ટર, વકીલ, બેંકર, એન્જિનિયર, શિક્ષક અને સમાજસેવા કરનારથી લઈને ચુંટણીમાં ઊભી રહેલી મહિલાઓ એના ઘરમાં હાજર હતી. માનસીને પોતે આવા સ્ત્રીઓને સન્માનની નજરે જોતાં સુશિક્ષિત ઘરમાં પરણીને આવી છે એનો ગર્વ હતો પણ અફસોસ એ ગર્વ જાજુ ટક્યો નહીં.

માનસી બીજી વખત ગર્ભવતી થઈ ત્યારે ફરી પહેલીવાર જેવું જ ચક્કર ચાલ્યું. ઘરની જ એક મહિલાએ સોનોગ્રાફી કરી કહી દીધેલું કે છોકરી છે અને બીજી મહિલા ગર્ભપાત કરી નાંખવા તૈયાર થઈ ગયેલી પણ આ વખતે માનસી અડગ રહી હતી. એને ગર્ભપાત નહોતો કરાવવો, એને તો દીકરીને જનમ આપવો હતો. એણે એના પતિને સમજાવવાનો ખૂબ પ્રયાસ કરી જોયો પણ એ એકનો બે નહોતો થયો. માનસીએ એની વકીલાત કરતી ભાભીને મદદ કરવા કહેલું ત્યારે એણે હસીને કહ્યું હતું કે, આંધળી છું જોતી નથી આ ઘરમાં દરેકને ખોળે ફક્ત દીકરા જ અવતરે છે! માનસી બિચારી હક્કાબક્કા થઈ એના જ ઘરની સમાજ સેવા કરનારી મહિલા પાસે મદદની યાચના લઈને ગઈ હતી. એ મહિલાએ મદદને બદલે સલાહ આપતા કહ્યું કે વંશ તો દિકરાથી જ ચાલે! માનસીના પગ તળેથી જમીન સરકી ગઈ.

બધા પ્રયત્નો કરી લેવા છતાં કોઈએ માનસીની વાત ના માની અને એને ગર્ભપાત કરાવી લેવા મજબૂર કરી ત્યારે એ ભાંગી પડી હતી. થાકીને એણે પિયર ચાલ્યા જવાની વાત ઉચ્ચારી ત્યારે પછી એના સાસુ ચિત્રમાં આવ્યાં. એમણે ખૂબ સ્નેહથી માનસીને સમજાવી હતી અને પોતે એની સાથે છે એમ જણાવેલું. એનો પતિ પણ અચાનક જ પત્નીના પક્ષે આવી ગયેલો અને પોતે માનસી સાથે કોઈ બળજબરી નહીં થવા દે એવી ખાતરી આપેલી. માનસીને બિચારીને એમ કે ચાલો સાસુ અને પતિ સમજે છે તો હવે કોઈ ચિંતા નથી. એ રાત્રે જમ્યા બાદ માનસીને પેટમાં સખત દુખાવો ઉપડયો હતો. લોહી પડવાનું ચાલું થઈ ગયેલું અને એ રક્તસ્રાવ એની કુમળી દીકરીને પણ એના ભેગી તાણીને બહાર લઈ આવેલો...એના જમવામાં જ કાંઈક ભેળવી દેવાયું હતું એ સમજાયું ત્યારે મોડું થઈ ગયું હતું.

આ છેલ્લો વિશ્વાસઘાત હતો જે માનસી સહી ગઈ. બીજે દિવસે સવારે એ કોઈને કહ્યા વગર ઘરેથી નીકળી ગયેલી અને પોલીસ સ્ટેશને જઈ ફરિયાદ નોંધાવ્યા બાદ એના પિયર ચાલી ગઈ હતી. એણે એની ગર્ભસ્થ દીકરીના ખૂનના આરોપમાં એના સાસરિયાં સામે કેસ કર્યો હતો. એ ઘરની દરેક સ્ત્રી અને એના પતિ વિરુદ્ધ ગુનો નોંધાવ્યો હતો.




અહીંયા માનસી સાથે ખરાબ થયું એ વાતે સૌ સહમત થશે પણ એ જ માનસીને જ્યારે ફરી પરણાવવાની વાત આવે છે ત્યારે લોકોને આવી હિંમતવાળી છોકરીને વહુ તરીકે સ્વીકારતા વિચાર કરવો પડે છે. ખરા દુઃખની વાત આપણા સમાજના લોકોની વિચારસરણી છે. બધાને સારું કરવું છે, ન્યાય જોઈએ છે પણ શરત એટલી જ કે એ લડતની શરૂઆત કોઈ બીજાના ઘરેથી થવી જોઈએ. કોઈને એમના ઘરમાં કોઈ બખેડો નથી જોઈતો.

આજકાલ સાસરિયાઓ ઉપર ખોટા કેસ કરીને એમને સમાજમાં બદનામ કરવાના કિસ્સા વધતા જાય છે ત્યારે માનસી જેવી ખરેખર પીડિત દીકરીને પણ લોકો શંકાની નજરે જુએ એ શક્ય છે. માનસીના સાસરિયાઓ એ પોતે સાચા છે અને માનસીએ ખોટો કેસ કર્યો છે એવું સાબિત કરવા પ્રયત્ન કરશે જ ત્યારે જો માનસીને એના પોતાના જ લોકો તરફથી જ સહકાર ના મળે તો એ ક્યાં જશે?

આજે કહે છે દુનિયા ખૂબ આગળ વધી ગઈ છે, કેટલાક દેશોમાં તો સ્ત્રી સાથે સ્ત્રીને અને પુરુષ સાથે પુરુષને પરણવાની છૂટ છે, લીવ ઈન મતલબ કે લગ્ન કર્યા વગર સાથે રહેવાની છૂટ છે ત્યારે થાય કે આપણે ખરેખર આટલા સુધરી ગયા છીએ? આ સતત બદલાતી જતી દુનિયા સાથે આપણા વિચારો પણ બદલાયા છે ખરા? આપણે ત્યાં તો હજી જે લોકો અન્યાય સામે લડતા હોય એનો સાથ આપવામાં આપણો હાથ પાછો પડે છે. તમારા ઘરની વહુ/દીકરી હિંમતવાળી હોય, ખોટાને ખોટું અને સાચાને સાચું કહી શકતી હોત તો એ સારી વાત છે એવું સમજતા તકલીફ પડે છે. ટીવી સીરીયલોમાં હિરોઈન અન્યાય સામે લડતી હોય ત્યારે તાળીઓ પાડનાર આપણે આપણી સામે ઉભી રહેલી સાચુકલી હિરોઈન માટે પ્રોત્સાહનના બે શબ્દો પણ નથી કહી શકતા અને આ બધું સૌથી વધારે હતાશ કરનારું ત્યારે બની જાય છે જ્યારે સ્ત્રી ઉપર જુલમ કરનાર ખુદ એક સ્ત્રી હોય...

અન્યાય સામે લડવાની હામ દરેક માણસમાં નથી હોતી એ જેટલું સાચું છે એટલું જ સાચું એ પણ છે કે કેટલાકમાં અન્યાય સહન કરવાની તાકાત નથી હોતી. આપણે જાતે કંઈ કરી શકીએ એમ ના હોય તો કમ સે કમ જે લોકો અવાજ ઉઠાવે છે એને રોકીએ નહીં તોય ઘણું.

**અમસ્તું,**

સિંહને જન્મ આપવાનું કામ સિંહણ જ કરી શકે છે, તમારે સિંહ જ જોઈતો હોય તો એના માટેય સિંહણને બચાવવી રહી.

@KapadiaNiyati